# પ્રકરણ : ૧

# विशतिशताब्दे संस्कृत काव्यविश्वम्

# [વીસમી સદીમાં સંસ્કૃત કાવ્યવિશ્વ]

**પ્રસ્તાવના :**

ભારતમાં સાહિત્યશાસ્ત્રીય વિચારણાનો આરંભ પ્રાચીનકાળથી થયેલો જોવા મળે છે. 'सहितस्य भाव साहित्यम्' 'સાહિત્ય' શબ્દ સમગ્ર શબ્દસૃષ્ટિ માટે પ્રયોજાય છે. સંસ્કૃત સાહિત્યમાં 'काव्य' શબ્દના વ્યાપક અર્થ જોવા મળે છે.

અલંકાર શાસ્ત્રનાં પ્રણેતા આચાર્ય ભામહ 'શબ્દ અને અર્થના સાહિત્ય'ને[૧] કાવ્ય કહે છે. આનંદવર્ધન 'ધ્વનિ' ને કાવ્યનો આત્મા કહે છે.[૨] વામનાચાર્ય 'રીતિ' ને કાવ્યનો આત્મા ગણે છે.[૩] કાવ્યમાં અલંકરણ અધિકાર હોવાથી 'કાવ્યશાસ્ત્ર' ને અલંકારશાસ્ત્ર કહેવાયુ છે.

ભવભૂતિ વાગ્દેવીની પ્રાર્થના કરે છે કે –

"विन्देम देवतां वाचममृतात्मनः कलाम्"[4] આ વર્ણન મુજબ કવિતાએ

(1) આત્મસ્વરૂપ છે.

(2) આત્માની કલા છે.

(3) વાણી દેવતારૂપ છે.

## : કાવ્યની વિભાવનાઓ અને વ્યાખ્યાઓ :

સાહિત્યની વિવિધ સંજ્ઞા દ્વારા 'કાવ્ય' શબ્દ સમજાવવાનો સાહિત્યકારોએ પ્રયત્ન કર્યો છે પરંતુ કાવ્યને કોઈ એક ચોક્કસ વ્યાખ્યામાં બાંધવું શકય નથી. કાવ્યની વિવિધ વ્યાખ્યાઓ અને વિભાવનાઓ પરત્વે દષ્ટિપાત કરીએ :

A. **<u>ઋગ્વેદ</u> :**

**ઋગ્વેદમાં કહેવાયું છે કે કાવ્ય એ માનવ મનનો ભાવાવેગપૂર્ણ અનિવાર્ય આવિષ્કાર છે.[(5)] ઋગ્વેદના આ વિધાનમાં સાહિત્યની સ્વયંસ્ફૂરણાત્મક અભિવ્યક્તિનો સ્વીકાર છે.**

B. **<u>શ્રીમદ્ભગવદ્ ગીતા</u> :**

अनुद्वेगकरं वाकयं सत्यं प्रियं हितं च यत् ।

स्वाध्यायाभ्यसनं चैव वाङमयं तप उच्चते ।[(6)] (17-15)

**અર્થાત્ કોઈના મનનો ઉદ્વેગ ન કરનાર, સત્ય, પ્રિય અને હિતકારક એવું ભાષણ તથા વેદાભ્યાસ એ 'વાણીનું તપ' કહેવાય છે. અહીં કાવ્યના સત્યમ્ – શિવમ્ – સુન્દરમ્નાં આદર્શો વ્યક્ત થયા છે.**

C. **<u>રઘુવંશ</u> :**

वागर्थाविव सम्पृक्तौ वागर्थ प्रतिपत्तये ।(5)

जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥[(7)] 1-1

**અહીં મહાકવિ કાલિદાસે કાવ્યને શિવપાર્વતીનાં સંયોગની ઉપમાથી શબ્દ–અર્થનાં યોગરૂપી પરમાત્માના પદ સુધી પહોંચાડયું છે.**

D. **<u>પરંપરાપ્રાપ્ત વિભાવના</u> :**

अग्निपुराण, काव्यप्रकाश **(મમ્મટાચાર્ય),** काव्यानुशासन **(હેમચંદ્રાચાર્ય),** चन्द्रालोक **(જયદેવ) વગેરે ગ્રંથોમાં કાવ્યક્ષેત્રે અદોષત્વ અને અલંકાર પ્રવૃતિને અનિવાર્ય તત્વો મનાયા છે.**

'शृंङ्गरप्रकाश' **માં ભોજરાજ કાવ્ય વિશે લખે છે કે –**

तत् (काव्य) शब्दार्थयोः साहित्यम् आमनन्ति । तद्यथा शब्दार्थौ सहितं काव्यम् इति ॥(8)

**પંડિત જગન્નાથ 'રસગંગાધાર' માં કહે છે કે –** रमणीयार्थप्रतीपादकः शब्दः काव्यम्(9) **જગન્નાથ કાવ્યના પરંપરાપ્રાપ્ત સ્વરૂપને આધુનિક અને સર્વાંગીણ બનાવે છે.**

**E. <u>રવિન્દ્રનાથ ટાગોર</u> :**

**રવિન્દ્રનાથ ટાગોરના મતે 'સહિત્' શબ્દ ઉપરથી 'સાહિત્ય' ની ઉત્પતિ થઈ છે. આમ, ધાતુગત અર્થસ્વરૂપે પણ 'સાહિત્ય' શબ્દમાં મિલનનો ભાવ દષ્ટિગોચર થાય છે. તે માત્ર ભાવનું ભાવ સાથે, ભાષાનું ભાષા સાથે કે ગ્રંથનું ગ્રંથ સાથે મિલન થતુ નથી. પરંતુ માનવી સાથે માનવીનું ભૂતકાળ સાથે વર્તમાનનું અને દૂર સાથે નિકટનું મિલન છે.**(10)

**<u>પાશ્ચાત્ય વિચારધારા</u> :**

1. **'એનસાઈકલોપીડિયા બ્રિટાનિકા' માં બહેચરભાઈ પટેલ કહે છે કે – 'સાહિત્ય એક એવો વ્યાપક શબ્દ છે કે, જેની સાચી વ્યાખ્યા ન મળતી હોવાથી તે શબ્દ સર્વોત્તમ વિચારની અભિવ્યક્તિ માટે વપરાય છે.**(11)

2. **'રેનેવેલેક' – કાવ્ય વિશે પોતાનો અભિપ્રાય આપતાં કહે છે કે –**

"Another way of difining Literature is to limit it to

'direct book', books which whatever their subject are,

'notable for literary from or expression', Here the criteria is either aesthetic worth alone or aesthetic worth in combination with general intellectual destination."

3. **શ્રી નગીનદાસ પારેખ લખે છે :**

**‘‘સાહિત્યની કલા એટલે અનુભવને અનુભવ લેખે જ મૂલ્યવાન અને ઉપભોગ્ય ગણી, ભાષા દ્વારા બીજાને પહોંચાડવાની કલા.’’**(12)

૪. **‘હેનરી હડસન’ સાહિત્ય વિશે લખે છે** – (13)

"It is fundamentally an expression of life through the medium of language"

૫. **એમ.જી. ભાટે કાવ્યની વ્યાખ્યાને ઉદાહરણ દ્વારા સમજાવે છે.**

"Literature is the music, which streams out of the attempt of man atlune him self to life on the keyboard of language." **અર્થાત્ સાહિત્ય એવું સંગીત છે, જે મનુષ્યના અંતસ્તલમાંથી ભાષાનાં માધ્યમ દ્વારા જીવન સાથે સાયુજ્ય પ્રસ્થાપિત કરે છે.**

➢ **<u>અન્ય પાશ્ચાત્ય વિદ્વાનોની કાવ્ય વિષયક વ્યાખ્યા</u> :**

(1) **શેકસપિયર** – **‘કાવ્ય એ કલ્પનાની સૃષ્ટિ છે.’**

(2) **ડો. મેકોલે** – **‘કાવ્ય એટલે શબ્દોની ચિત્રકલા’**

(3) **મિલ્ટન** – **‘સાદાઈ, ઈન્દ્રિય ગ્રાહયતા અને ભાવાવેગ પ્રધાન સાહિત્યને કાવ્ય કહેવાય.’**

(4) **એરિસ્ટોટલ** – **‘સાહિત્ય જીવનની અનુકૃતિ છે.**

(5) **વર્ડ્ઝવર્થ** – **‘પ્રબલ ભાવોનો સાહજીક ઉદ્વેગ’**

## <u>: કાવ્યમાં આધુનિકતા :</u>

**આધુનિક શબ્દ ‘अधुना’ ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ સામ્પ્રત, અદ્યતન, નવ્ય વગેરે કરી શકાય. સંસ્કૃત હિન્દી કોશમાં ‘अधुना’ શબ્દનો અર્થ** नया आजकल का, अब का **જેવો થાય છે. આધુનિકતાનો અર્થ પરંપરાથી વિરુદ્ધ** (Opposite) **એવો કરી**

શકાય પરંતુ પરંપરાથી વિમુખ (Adverse) એવો નહી. દરેક ભાષા સાહિત્યમાં પરંપરા અને આધુનિકતા એવા બે આયામો હોય છે. પરંપરાની રુઢતામાંથી જે નવીનતા તરફ ગતિ કરે તે આધુનિકતા. અંગ્રેજી ભાષામાં 'આધુનિક' શબ્દ માટે 'Modern' શબ્દપ્રયોગ થાય છે, જેની અર્થચ્છાયાઓ આ મુજબ છે :

1) New Existing

2) Of Present and Recent time

3) New fashioned

Modern શબ્દ ઉપરથી Modernity, Modernism તથા Modernization વગેરે શબ્દો બન્યા છે.

**<u>આધુનિકતા અંગેના વિવિધ મંતવ્યો</u> :**

**(1) <u>ડો. અજિત ઠાકોર</u> :**

આધુનિક ચેતનાના ઉદ્‌ભવ વિશે ચિંતન કરતાં તેઓ લખે છે કે – ''યાંત્રીકીકરણ, શહેરીકરણ, વિશ્વયુદ્ધો અને અકલ્પ્ય માનવસંહારને પરિણામે માનવનિયતિ (Human Condition) નાં પ્રશ્નો ઊભા થયા. પરંપરાગત મૂલ્યોથી એના કોઈ સમાધાન કે ઉકેલ ન મળતા માનવ અસ્તિત્વનો અર્થ ખોજવાની જવાબદારી વ્યક્તિ ઉપર આવી પડી અને તેમાંથી આધુનિક ચેતનાનો ઉદ્‌ભવ થયો. આમ, સામ્પ્રત અને આધુનિક સાહિત્ય વચ્ચે મોટી ભેદરેખા છે.

**(2) <u>ડૉ. રાધાકૃષ્ણન અને વર્જેનિયા વુલ્ફ</u> :**

''આપણી સંસ્કૃતિ બદલાઈ રહી છે. તે જુના વાઘા ઉતારીને નવા વસ્ત્રો પહેરે છે. મૂલ્યો બદલાય છે, માનવ સ્વભાવ બદલાય છે. આ જે પરિવર્તન છે તે ' આધુનિકતાનાં આગમનનું પરિવર્તન છે.'

ઈ.સ. 1910 આસપાસ માનવ વ્યક્તિત્વમાં પરિવર્તન આવ્યું. માલિક – મજુર, પતિ–પત્ની કે વાલી બાળક વચ્ચેના સંબંધો બદલાયા અને તેની સાથે ધર્મ, આચાર, રાજકારણ અને સાહિત્યમાં પણ પરિવર્તન આવ્યું. આ પરિવર્તન આધુનિકતાનું આગમન છે.[14]

(3) **<u>ચંદ્રકાત ટોપીવાળા</u> :**

''આધુનિકવાદ ઈતિહાસ કે ઉપેક્ષિત તત્વોને પણ બુદ્ધિગમ્ય અને અનુભવ સિદ્ધ પ્રમાણો દ્વારા પરમપૂજ્ય ગણીને કેન્દ્રસ્થાને સ્થાપે છે. ભેદભાવ વગરની સમાજ રચનાનો નવો વિચાર આધુનિકતાની દેન છે.[(15)]

(4) **<u>ડૉ. સુરેશચંદ્ર જોષી</u> :**

''દરેક ગાળાનાં સાહિત્યને એના સમયની એક આગવી ઓળખ હોય છે. એમાં જ આધુનિકતા રહેલી છે.[(16)]

(5) **<u>ઈરવિંગ હોવે</u> :**

""While the 'contemporary' referes to time, the Modern refers to sensibility and style and where the contemporary is a term of natural reference the modern is a term of critical placement and judgement."[(17)]

➢ **<u>આધુનિક કવિતાનું સ્વરૂપ</u> :**

પ્રાચીન કાવ્ય સાહિત્યના લક્ષણોમાં જો આદર્શવાદી જીવનદષ્ટિ, પુરાણપ્રિયતા, અલંકૃત ઉદાસ શૈલી, શાસ્ત્રાનુગમન, પરંપરાનુસરણ વગેરેને મૂકી શકાય તો આધુનિક કાવ્ય સાહિત્યના લક્ષણોમાં રાષ્ટ્રીય – સામાજિક ચેતના, વ્યક્તિ ચેતનાનો આગ્રહ ઉત્કૃષ્ટ કલાત્મક સર્જન, પ્રકૃતિ પ્રત્યે રાગાત્મક આકર્ષક, યથાર્થપ્રિયતા તેમજ શૈલી અને શિલ્પ પ્રત્યેની વિશેષ સભાનતાને મૂકી શકાય.

માનવ આત્માનું અસ્તિત્વ જેટલું ઈશ્વર પ્રદત્ત છે. તેટલું સમાજ પ્રદત્ત છે. સામાજિક વ્યક્તિત્વ જ મનુષ્યનો આત્મા છે જ્યારે સ્થૂળરૂપે વ્યક્તિ દ્વારા સમાજનો

વિરોધ થાય ત્યારે તે સમાજનો અંતવિરોધ છે. કવિની સર્જન પ્રક્રિયાની ભીતરમાં રહેલી મૂલ્યાંકનકારી દષ્ટિ વસ્તુતઃ એક પરંપરાગત પ્રવૃતિનું રૂપ છે તે જ્યારે અન્ય સામાજિક પ્રવૃતિ સાથે ટકરાય ત્યારે 'આધુનિક' કે 'પ્રગતિવાદી' કહેવાય છે. મૂલ્યના રૂપમાં વિભાવીત થતી આ આધુનિકતાં ઈતિહાસની પ્રક્રિયાનું અદ્યતન ચરણ કે વર્તમાન વિશે તીવ્રતમ જાગરૂકતા તેનું કેન્દ્ર સ્થાન છે.

આધુનિક કાવ્યોમાં પ્રકૃતિ ફકત સૌંદર્યનું સાધન નહી પરંતુ માનવ જીવનનું એક પૂરક પરિબળ છે આધુનિક કાવ્યોનાં પ્રકૃતિનાં રમ્ય અને રૌદ્ર બંને સ્વરૂપનુ વર્ણન છે.

આમ, આધુનિકતા પરંપરામૂલક વિચાર સૃષ્ટિ ઉપર ચેતનાજન્ય, મૂલ્યનિષ્ઠ અને વાસ્તવવાદી આક્રમણ કરે છે અને ઈતિહાસની મર્યાદાનું દર્શન કરાવીને તેનું અતિક્રમણ કરે છે અહીં સર્જકને માટે ભાવક ગૌણ બની જાય છે. અને વૈયક્તિક અભિગમ યુક્ત આધુનિક કવિતા આગળ વધે છે.

– **આધુનિક કવિતાનાં વિકાસના તબક્કાઓ : [विकासस्य कालखण्डा :] ।**

માનવ સંસ્કૃતિના ઈતિહાસમાં 19 મી સદીનો સમય સીમા ચિહ્નરૂપ બન્યો. વૈજ્ઞાનિક શોધો અને ઔદ્યૌગિક ક્રાંતિના પરિણામે વિકસિત દેશોએ અવિકસિત દેશો પર આધિપત્ય સ્થાપ્યું. સાહિત્ય જગતમાં પણ બદલાવ આવ્યો. આધુનિકતાવાદે પરંપરાગત અભિગમનાં સ્થાને નવું તર્કશાસ્ત્ર આપ્યું પરંતુ આધુનિકતાવાદનાં તર્કશાસ્ત્રનાં સમીકરણોમાં રહેલી મર્યાદાઓ દર્શાવનાર અન્ય એક અધિઆધુનિક વર્ગ અસ્તિત્વમાં આવ્યો.

ડો. બાબુસુથાર પૂર્વ આધુનિકતાવાદ અને આધુનિકતા વાદનાં લક્ષણો નીચે મુજબ વર્ણવે છે.[18]

| પૂર્વ આધુનિકતાવાદ | આધુનિકતાવાદ |
| --- | --- |
| હૃદયકેન્દ્રિતા | ચિત્તકેન્દ્રિતા |
| કોઠાસૂઝ | તર્કશાસ્ત્રીયતા |
| ઈહ લૌકિક | ઈહ અલૌકિક |
| સ્થાનિક (Local) | શાંત (Universal) |
| સમૂહ નિષ્ઠતા | વ્યક્તિનિષ્ઠતા – વસ્તુનિષ્ઠતા |
| અંતઃસ્ફૂરણાવાદ (Intutionism) | અંતરૂપવાદ (Formalism) |
| પ્રકૃતિ : અસ્તિત્વનો એક અંશ | પ્રકૃતિ : સંપતિ |
| Mythology | Mataphysics |

જ્યારે સાહિત્યનાં સંદર્ભમાં આધુનિકતા શબ્દ પ્રયોજાય છે ત્યારે અસ્તિત્વવાદ, અસંગતિવાદ, પ્રતીકવાદ, કલ્પનાવાદ વગેરે વૈચારિક આંદોલનોનો ઉલ્લેખ અપેક્ષિત બને છે. આધુનિક સાહિત્યનો અભિગમ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ વિચાર સાથે સંકળાયેલો છે.

- **<u>સંસ્કૃત સાહિત્યમાં આધુનિકતાનો સમયગાળો</u> :**

વેદો, મહાકાવ્યો, લૌકિક સાહિત્યથી શરૂ થયેલો સંસ્કૃત, ભાગિરથીનો પ્રવાહ આજ પર્યત વહેતો રહ્યો છે. કેટલાક વિદ્વાનો જગન્નાથને સંસ્કૃત કાવ્ય સાહિત્યના છેલ્લા કવિ ગણાવે છે. પરંતુ અત્યારે પણ સંસ્કૃત સાહિત્યમાં કાવ્ય, નાટક, રૂપક, ગઝલ, તાન્કા, હાઈકુ, મોનોઈમેજ, સોનેટ, કથા, નિબંધ, નવલકથા, પ્રવાસ વર્ણન વગેરે અનેક પ્રકારોનું સર્જન થઈ રહ્યું છે. આશ્ચર્યજનક બાબત તો એ છે કે ૨૦ મી સદીમાં જે વિપુલ સાહિત્ય સંસ્કૃતમાં લખાયું છે તેટલું છેલ્લા 1000 વર્ષમાં પણ નથી લખાયું. રસવિહાર દ્વિવેદી' નું કહેવું છે કે સ્વતંત્રતા

બાદ સંસ્કૃતમાં 200 મહાકાવ્યો અને 390 નાટકો લખાયા છે આમ, વેદમાંથી ઉત્પન્ન થયેલું સંસ્કૃત કવિતાનું ઝરણું આજે પણ અવિરતપણે વહી રહ્યું છે.

આધુનિક સંસ્કૃતનો સમયગાળો નિશ્ચિત કરવા માટે વિદ્વાનોમાં મતમંતાતરો જોવા મળે છે. ડો. જગન્નાથ પાઠક લખે છે – "जो विगत हे वह प्राचीन है और जो प्रवर्तमान है वह आधुनिक है अेसा विचार आधुनिकता के निर्णायिक तथ्य के रूप मे मान्य नहीं है । कालिदास ने अपने समय से पूर्व रचित काव्यसाहित्य को "पुराण" और उसकी अपेक्षा अपने काव्य को "नव" कहा था, किन्तु यह आधार साहित्य के इतिहास के संदर्भ मे व्यवहार्य प्रतीत नही होता ।"

'ડૉ. એ.બી. કીથે' ૧૩ મી સદી સુધીના સાહિત્યની ચર્ચા કરી છે. અને તેમાં આધુનિક સર્જકોનો સમાવેશ નથી. ''આચાર્ય દાંડેકર 'Indian PEN માં પ્રકાશિત થયેલાં નિબંધમાં આધુનિક ગ્રંથો અને ગ્રંથકારોની યાદી આપે છે.

– **<u>આધુનિક સંસ્કૃત સાહિત્યનાં વિકાસનાં તબક્કાઓ</u> :**

ડો. 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્ર ઈ.સ. 1784 થી સર્જાતા સાહિત્યને અર્વાચીન સંસ્કૃત સાહિત્યની સંજ્ઞા આપે છે. તેઓ 200 થી વધારે વર્ષાના આ કાળખંડને ત્રણ ભાગમાં વિભક્ત કરે છે.

1) પુનર્જાગરણકાળ – ઈ.સ. 1784 થી 1884
2) સ્થાપના કાળ – ઈ.સ. 1884 થી 1950
3) સમૃદ્ધિકાળ – ઈ.સ. 1950 થી આજપર્યંત

પરંતુ 'ડો. હર્ષદેવ માધવ' સમૃદ્ધિકાળને 1985 સુધી સિમિત રાખી 1985 પછીથી અત્યાર સુધીના ગાળાને 'આધુનિકકાળ' એવા ચોથા કાળખંડનો ઉમેરો કરે છે. આપણે ઉક્ત તમામ કાળખંડ દરમ્યાન થયેલ ક્રમિક સાહિત્ય વિકાસ તરફ દષ્ટીપાત કરીએ.

## (1) **પુનર્જાગરણકાળ : ઈ.સ. 1784 થી 1884 :**

19 મી સદી પુનર્જાગરણકાળની અંતર્ગત આવે છે. ધીમે ધીમે બ્રિટીશ લોકોનો સંસ્કૃત સાથેનો સંપર્ક વધતો ગયો. સંસ્કૃતનો પ્રચાર અને પ્રસાર વધવાને કારણે સંસ્કૃતનો ફેલાવો વિશ્વભરમાં થયો. કેટલાક વિદેશી વિદ્વાનો પણ સંસ્કૃત ભાષા સાહિત્યનો અભ્યાસ કર્યો. પારસ્પરિક વાદ –વિવાદ અને વિચાર વિનિમયને લીધે वादे वादे जायते तत्वबोधः વાકય સાચું પડયું 'ડો. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર' આ સમયગાળાને 'આંગ્લ ભારતીય સંચેતના (Anglo – Indian Consciousness) નો સમયગાળો ગણે છે.

આ સમયમાં विजयिनी महाकाव्य, रूकमीणीहरणम्, पारिजातहरणम् જેવા મહાકાવ્યો લખાયા તો સાથે સાથે અંગ્રેજ શાસકોની પ્રશંસા કરતા કાવ્યો પણ લખાયા. મહારાણી વિકટોરીયા ઉપર પણ મહાકાવ્ય લખાયું. પુનર્જાગરણ કાળના મુખ્ય કવિઓમાં પંડિત અંબિકાદત્ત વ્યાસ, શિવદ્વિજ, અભિનવ રામાનુજાચાર્ય, કેરલ વર્મા, પરમેશ્વરમ્, મૂળશંકર યાજ્ઞિક વગેરે મુખ્ય છે. અંબિકાદત્ત વ્યાસનું 'सामवतम्' અને 'शिवराजविजय', નદિયાના રાજા વૈદ્યનાથ વાચસ્પતિ ભટ્ટાચાર્યનું 'यैत्रयज्ञः' મૂલશંકર યાજ્ઞિકનું 'छत्रपतिसाम्राज्यम्, संयोगिता स्वयंवरम्, प्रतापविजयम् તેમજ હરદાસની નાટયકૃતિઓ मेवारप्रताप, जानकीविक्रम, शिवाजीचरितम्' આ સમયગાળામાં રચાયેલું સાહિત્ય છે.

## (2) **સ્થાપના કાળ : ઈ.સ. 1884 થી 1950 :**

ધીમે ધીમે સંસ્કૃતના વિદ્વાનો પણ પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કમાં આવતા ગયા તેમણે સંસ્કૃતમાં અન્ય ભાષાઓનું વાઙ્મય ઉતારવાનો ઉપક્રમ હાથ ધર્યો. આર. કૃષ્ણમાચારીનું 'वासन्तिकस्वप्नः' શેકસપિયરની 'Mid Summer Nights

Dream.' નાટ્યકૃતિનું રૂપાંતર છે. શ્રી શૈલ દીક્ષિતે ઈ.સ. 1877 માં 'Comedy of Errors' નો 'भ्रान्ति विलास' નામે અનુવાદ કર્યો.

ઈ.સ. 1885 માં કોંગ્રેસની સ્થાપના થઈ અને ત્યારપછીથી ભારતીય પ્રજામાં રાષ્ટ્રીયતાની ભાવના જાગૃત થઈ. અહીંથી અર્વાચીન સંસ્કૃત સાહિત્યનો સ્થાપનાકાળ શરૂ થયો. પ્રાચીન પરંપરામાં થતી બીબાઢાળ રચનાઓ તરફનું આકર્ષણ ધીમે–ધીમે ઘટવા લાગ્યું. પ્રાચીન ચાર પ્રકારોના નાયકોને બદલે હવે ગાંધીજી જેવા તેજસ્વી, સંયમી, સૌમ્ય માણસો કૃતિઓના વિષય બનવા લાગ્યા. મહાકાવ્યમાં આવતા સૂર્યોદય સૂર્યાસ્ત, ચંદ્રોદય, જલવિહાર, વાટિકા જેવા વર્ણનો ઓછા થતા ગયા. હવે કવિ ધીમે ધીમે લાંબા છંદોને બદલે જનસામાન્ય સાદા, સરળ અને ટૂંકા કાવ્યોને આવકારતો થયો. નવા સાહિત્યિક સ્વરૂપો પણ સંસ્કૃત કવિઓએ અપનાવ્યા. જયપુરના 'ભટ્ટ મથુરાનાથ શાસ્ત્રી' એ લલિત નિબંધો, રેડિયો નાયક, ગઝલ, લઘુકથનિકા, વ્રજભાષાના છંદોને સંસ્કૃતમાં લાવ્યા. કાવ્યમાં પણ લાંબા વર્ણનોની જગ્યાએ માનવમનની સચોટ આંતરિક દ્વન્દ્વાત્મક સ્થિતિના વર્ણનો જોવા મળ્યા.

પાશ્ચાત્ય વિવેચકોએ કાવ્ય સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ભારતીય સાહિત્યનું વિવેચન કર્યું આથી તેનાં સિદ્ધાંતો, માન્યતાઓ ભારતીય સાહિત્યકારોને નવીન સાહિત્ય રચવાની પ્રેરણા આપી.

– 'ડો. રીતા ત્રિવેદી' આ કાવ્યખંડનાં લક્ષણો આ પ્રમાણે ગણાવે છે.

(1) ભાષામાં સરળતા, લોકાભિમુખતા વધી ગઈ.

(2) છંદ સંબંધી જડતાં ઓછી થઈ.

(3) અન્ય ભાષાના સાહિત્ય પ્રકારો કાવ્યમાં સ્થાન પામ્યા.

(4) ટૂંકી વાર્તા, એકાંકી, નવલકથા, પાત્રાવૃતાન્ત, રીપોર્ટસ વગેરેનો આવિભાવ થયો.

(5) લોકપ્રિય સાહિત્યપ્રકારો અપનાવીને પૂર્વગ્રહોથી મુક્તિ મેળવાઈ.

**(3) <u>સમૃદ્ધિકાળ : ઈ.સ. 1950 થી 1985</u> :**

15 મી ઓગષ્ટ 1947 થી અર્વાચીન સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધિકાળ શરૂ થયો. આ સમયગાળામાં અનેક સાહિત્યકારોએ પોતાની રચનાઓ લખી જેમાં પ્રાચીન પરંપરાની સાથે સાથે નાવીન્ય પણ જોવા મળે છે. આ ગાળામાં સસ્કૃત કાવ્યજગતના વિચારોમાં પરિવર્તન જોવા મળ્યું. પુરુષપ્રધાન સમાજમાં નાયિકાપ્રધાન મહાકાવ્યો લખાયા.

1) રેવાપ્રસાદ દ્વિવેદી → सीताचरितम्

2) ડો. સત્યવ્રત શાસ્ત્રી → इन्दिराचरितम्

3) ડો. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર → जानकीजीवनम्

4) પંડિત ઓગેટિ શર્મા → यशोधरामहाकाव्यम्

5) સુબોધચંદ્ર પંત → झांसीश्वरीचरितम्

ગાંધીજી ઉપરાંત જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોષ, લેનિન પણ મહાકાવ્યના નાયક તરીકે સંસ્કૃત સાહિત્યમાં આવ્યા.

1) બ્રહ્માનંદ શુકલ → नहेरुचरितम्

2) વિશ્વનાથ કેશવ છાત્ર → सुभाषचरितम्

3) પદ્નાભ શાસ્ત્રી → लेनिनामृतम्

– **<u>દૂતકાવ્યો</u> :**

1) હરિનારાયણ દીક્ષિત → हनुमद्दूतम्

2) ડો. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર → मृगाङ्कदूतम

3) કૃપારામ ત્રિપાઠી → तरङ्गदूतम्

4) ઈચ્છારામ દ્વિવેદી → दूतप्रतिवचनम्

– **<u>ખંડકાવ્યો</u> :**

'ડો. રાધાવલ્લભ ત્રિપાઠી' નું 'धरित्रीदर्शनम्' ડૉ. રમાકાન્ત શુકલનું 'भाति मे भारतम्', 'जय भारतम्', 'भाति मोरिशसम्' વગેરે ખંડકાવ્યો છે.

– **<u>મહાકાવ્યખંડ</u> :**

મહાકાવ્ય અને ખંડકાવ્ય વચ્ચે એક નવા કાવ્યપ્રકાર તરીકે ડૉ. હર્ષદેવ માધવનું 'बृहन्नत्मा' મહાકાવ્યખંડ (episode) એમાં સમાવિષ્ટ છે.

**(4) <u>અર્વાચીનકાળ તથા આધુનિકકાળ : ઈ.સ. 1980 થી આજ પર્યન્ત</u> :**

આમ તો સમૃદ્ધિકાળ અને આધુનિક કે અર્વાચીન કવિતાના કાળ વચ્ચે ખૂબ સૂક્ષ્મ ભેદરેખા છે તેથી તેને જુદા ન પાડી શકાય. છતાં 1975 થી 1985 ના સમયગાળામાં સંસ્કૃતમાં યુવાન સાહિત્યકારોએ સર્જન કર્યું આ નવસર્જકોએ સંસ્કૃત કાવ્યસાહિત્યને એક નવી જ દિશા આપી આ સમયગાળો ડો. દેવદત્ત ભાટ્ટિથી શરૂ થયો.

આધુનિક કવિઓમાં ડો. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર, ડો. હરિદત્ત શર્મા, રેવાપ્રસાદ દ્વિવેદી રાધાવલ્લભ ત્રિપાઠી, શ્રી નિવાસ રથ, ડૉ. ભાસ્કરાચાર્ય ત્રિપાઠી, ડૉ. પુષ્પા દિક્ષિત, ડો. જગન્નાથ પાઠક, રમાકાન્ત શુકલ, કેશવચંદ્ર દાસ, હરીરામ આચાર્ય, ડૉ. રાજેન્દ્ર નાણાવટી, ડો. હર્ષદેવ માધવ, ઈચ્છારામ દ્વિવેદી વગેરે અગ્રેસર છે.(19)

– **અગ્રેસર કવિનઓ : [प्रमुखा : कवयः]**

(1) **અપ્પાશાસ્ત્રી રાશિવડેકર :**

આધુનિક સંસ્કૃત કાવ્યને પ્રયોગશીલ, પ્રગતિશીલ અને રાષ્ટ્રીય ભાવનાઓને લોકો સુધી પહોંચાડનાર આ કવિને હિન્દી સાહિત્યપ્રસિદ્ધ મહાવીરપ્રસાદ દ્વિવેદી અને મરાઠી સાહિત્યપ્રસિદ્ધ તિલક તથા સરસ્વતીની હરોળમાં મૂકી શકાય. તેઓ આધુનિક ચેતનાના કવિ છે. ઈ.સ. 1873 થી 1913 સુધીના જીવન દરમિયાન તેઓ 'संस्कृतचन्द्रिका' નામનું સામાયિક અને 'सुनृतवादिनी' નામનાં અખબારનું સંપાદન અને પ્રકાશન કાર્ય પણ કરતા હતા. સમસામયિક પ્રતિષ્ઠિત ભારતીય સાહિત્ય રચનાઓનો સંસ્કૃત અનુવાદ કર્યો અને મુક્તક કાવ્યો ખંડકાવ્યો અને પ્રતીકાત્મક નાટયરચનાઓ રચી. તેમણે લખેલા ''तिलकमहाशयस्य कारागृहवासः ऋतुचित्रम्, वल्लभविलापः, मल्लिका कुसुमम्'' વગેરે કાવ્યોમાં સંવેદના જોવા મળે છે. 'पंजरबद्धः शुकः' કાવ્યમાં કવિએ પિંજરામાં પીડાતા પોપટની અન્યોક્તિ વડે પરાધિન ભારતની વેદનાનું વર્ણન કર્યું છે.

(2) **ભટ્ટ મથુરાનાથ સ્વામી :**

ભારતીય ભાષાઓમાં રચાતા વિવિધ કાવ્યરૂપોનું અવતરણ તેમણે સંસ્કૃત ભાષામાં કરાવ્યું છે. તેઓ સંસ્કૃત ગઝલના પ્રવર્તક મનાય છે. અન્ત્યાનુપ્રાસ તેમની શૈલીનું આગવું લક્ષણ છે.

''अयि चिताचिरेण विचिन्तयतो – अपिचलता ने गता, न गता

अपि नाम निरन्तर यत्नशतैस्तव निष्ठुरता न गता न गता

સ્વયંને સંબોધતી આ કવિતાનો પ્રાસ, લયબદ્ધતા, કોમલતા અને મીઠાશ મનોહારી છે.

સંસ્કૃતમાં રેડિયોરૂપક, આધુનિક વાતાવરણ અને સામાજિક સંદર્ભોનું ચિત્રણ કરાવનાર ગદ્યપ્રવૃતિ તથા દોહ, ઘનાક્ષરી, સોરઠા, છપ્પય, કવિતા જેવા છંદીનો સંસ્કૃત સાહિત્યમાં સૌ પ્રથમ પ્રયોગ આ કવિએ કર્યો છે. ચમત્કૃતિજન્ય લેખનવૃત્તિ, વ્યગ્ય વિડમ્બણા, અપ્રયુક્ત છંદપ્રયોગાદિ તેમની સાહિત્યિક વિશિષ્ટતા છે.

(3) <u>પંડિતા ક્ષમાદેવી રાવ</u> :

તેઓ સમાજવાદી અને રાષ્ટ્રીય ચેતનાના કવયિત્રી છે તેઓ સુપ્રસિદ્ધ પંડિત શંકરપાંડુરંગના પુત્રી હતા તેઓ ત્રણ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું. નાનપણથી જ તેમણે જીવનના ઘણા અનુભવો અનુભવ્યા. તેમને સમૃદ્ધિ પણ મળી પરંતુ પતિના અકાળે અવસાન થતાં ફરી એકવાર ક્ષમાદેવીને આઘાત લાગ્યો. આ દરમિયાન તેઓ ગાંધીજીના સંપર્કમાં આવ્યા. કેટલાક સ્થાનિક નેતાઓની સલાહથી તેમણે ગંદી વસાહતોમાં વસતા પ્રૌઢ લોકોને સાકાર બનાવ્યા. તેમણે સંસ્કૃત ઉપરાંત, અંગ્રેજી, ફ્રેન્ચાદિ યુરોપીય ભાષા તથા યુરોપીય સંગીતશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

"सत्याग्रहगीता, उत्तरसत्याग्रहगीता અને उत्तरबपसत्याग्रह गीता"

જેવા કાવ્યોમાં ક્ષમાદેવીની રાષ્ટ્રભક્તિ જોવા મળે છે. આ મહાકાવ્યત્રયીના સર્જન દ્વારા કવયિત્રી નવજાગરણકાળનો શંખનાદ કરે છે. આ ત્રણેય કૃતિએ ગાંધીચરિત્ર ઉપર આધારિત છે. 'कथापंचकम्' પદ્યવાર્તાઓનો સંચય છે. "वेदार्थयत्न' માસિકમાં તેનું વિદ્વાન વ્યક્તિત્વ પ્રગટ થાય છે. शङ्करजीवनाख्यानम् અને विचित्रपदयात्रा માં પોતાના પિતાનું જીવન અને અનન્તશયનથી પિતાની યાત્રાનું સ્મરણ વર્ણવ્યું છે. કાકાના 'ઘરે રહીને પોતે અનુભવેલ નિર્દયતાપૂર્ણ અને અસહિષ્ણુતાયુક્ત વ્યવહાર ક્ષમાદેવીએ 'मीरालहरी' કાવ્યમાં વર્ણવ્યો છે. श्रीरामदासचरितम्, कथामुक्तावली તેમના

લોકપ્રિય સામાજિક સંસ્મરણો છે. ભાષાનું ઉચ્ચ સામર્થ્ય અને નારી પ્રતિભાનું પ્રતિનિધિત્વ કરનાર પંડિતા ક્ષમાદેવી પ્રસિદ્ધ ઘોક્ષા, લોપામુદ્રા સાવિત્રી જેવી બ્રહ્મવાદિનીઓની યાદ અપાવી જાય છે. શ્રીધર ભાસ્કર વર્ણેકર કહે છે કે – ' ત્રિવેદી, લક્ષ્મી, સુન્દરવલ્લી, કામાક્ષી, સિસ્ટર – બાલમ્બાલ વગેરે આધુનિક સંસ્કૃત સાહિત્યની સુપ્રસિદ્ધ કવયિત્રીઓ છે.

(4) **<u>વેંકટરામ રાઘવ</u> :**

વેંકટરામ રાઘવ પંડિત પરંપરાના કવિ હતા તેમની શૈલીમં પાંડિત્ય જોવા મળે છે. તેમણે શ્રી હર્ષની શૈલીથી પ્રભાવિત થઈને 'मृत्तुस्वामीदीक्षित चरितम्' મહાકાવ્યની રચના કરી.

(5) **<u>જગન્નાથ પાઠક</u> :**

તેઓ ગઝલના ઊંડા અભ્યાસી હતા. તેમણે ફારસી ઉર્દૂની સમકક્ષ ઊભી રહી શકે તેવી ગઝલોની રચના કરી છે. ઉમ્મર ખય્યામની પ્રેરણા અને ભારતનાં પ્રણયનાં સંયોગથી કવિ "कापिशायनी मृद्रिका, पिपासा, विच्छातिवातायनी કાવ્યની રચના કરે છે. વિષયવસ્તુની અપેક્ષાએ ભાવગાભીર્યનું પ્રાધાન્ય જગન્નાથના કાવ્યોમાં જોવા મળે છે.

सरांसि सन्तु सकुशलानि ते तथा नद्यः ।
मयोरीकृता जगति स्वयं पिपासेयम् ॥

(પિપાસા – 1987 પૃ. 1)

(તમારા સરોવર અને નદીઓ સદાય ભર્યા ભર્યા રહો, આ જગતમાં મે સ્વયં આ પિપાસાનું વરણ કર્યું છે.) અહીં તે (તમારા) અને 'इयम्' (આ) સર્વનામો સરોવર અને નદીઓ માટે પ્રયોજાયા છે. જે કવિની જગત પ્રત્યેની

ઉદાસીનતા સૂચવે છે. તેમણે મિર્ઝા ગાલિબના દીવાન 'દિવાને ગાલિબ' નો સંસ્કૃત અનુવાદ કર્યો છે. તેમની ગઝલમાં મૌલિકતા જોવા મળે છે.

(6) **<u>હરિદાસ સિદ્ધાન્ત વાગીશ</u> :**

તેઓ મહાન આચાર્ય મધુસૂદન સરસ્વતીના અનુવંશી હતા. 15 વર્ષની ઉંમરે તેમણે 'कंसवध' નાટક અને 18 વર્ષની ઉંમરે 'जानकी विक्रम' નાટકની રચના કરી હતી. તેમણે ત્રણ શાસ્ત્રીય ગ્રંથો અને 'सरला' નામના ઉપન્યાસની રચના કરી હતી.

(7) **<u>પંડિત સમાવતાર શર્મા</u> :**

વીસમી સદીના પૂર્વાધમાં નામાંક્તિ કવિઓમાં પંડિત રામાવતાર શર્માનું વિશિષ્ટ સ્થાન છે. ગંગાધરશાસ્ત્રી જેવા તેજસ્વી પંડિત પાસેથી તેમણે વિદ્યાપ્રાપ્ત કરી. તેમજ કલકત્તા વિશ્વવિદ્યાલય અને કાશી વિશ્વવિદ્યાલયમાં અધ્યાપન કાર્ય કર્યું. ઈ.સ. 1929માં તેમનું અવસાન થયું. 'धीरनैषध' નાટક, 'मुगरदुतम्' આધુનિક દૂતકાવ્ય; 'भारतीयमितिवृत्तम्' નામનો ભારતીય ઈતિહાસ, 'वाडमपार्णव' નામનો સંસ્કૃત વિશ્વકોશ અનેક સ્ત્રોત્રકાવ્યો, નિબંધો વગેરેની રચના કરી છે 'ગદ્યસાહિત્યમાં નૂતન પ્રયોગશીલતા' તેમની ઉલ્લેખનીય વિશેષતા છે.

(8) **<u>દીનેશચંદ્ર દત્ત</u> :**

ગ્રીક, લેટિન, જર્મન, ફ્રેચ, ફારસી, હીબ્રુ વગેરે વિવિધ ભાષાના જાણકાર એવા આ સંસ્કૃત કવિ અંગ્રેજી વિષયના પ્રાધ્યાપક હતા. 'भारतगाथा' કવિની પ્રથમ રચના છે. "सुभाषगौरवम्, रवीन्द्र प्रतिभा द्वन्दः सन्दोहः बेडु;विभावरी વગેરે તેમની કાવ્યરચના છે. અહીં તેમણે ભારતના ભૂતકાળ ભવિષ્યકાળ અને વર્તમાનકાળનું વર્ણન કર્યું છે.

(9) **<u>શ્રીધર ભાસ્કર વર્ણેકર</u> :**

શ્રીધર ભાસ્કર વર્ણેકરનો જન્મ ઈ.સ. 1919 માં થયો. 'અર્વાચીત સંસ્કૃત સાહિત્ય' શિર્ષક અન્તગૃત નાગપુર વિશ્વવિદ્યાલય દ્વારા તેમણે ડી. લીટની ઉપાધિ પ્રાપ્ત કરી, વ્યવસાયે પ્રાધ્યાપક (નાગપુર વિશ્વવિદ્યાલય) હતા. તેમણે विवेकानन्दविजयम् નામનું નાટક, कथावल्लरी નામના ગ્રંથની રચના કરી. महाभारत कथा, भारतरत्न शतकम्, मन्दोर्मिमाला, स्वातन्त्रय वीर शतकम्, कालिदास रहस्यम् વગેરે તેમની પ્રસિદ્ધ કૃતિઓ છે. 'श्रमगीता' માં આધુનિક ગીતા છે. અહીં કવિ પરિશ્રમને ગંગાજળ કરતાં પણ પવિત્ર, ભસ્માંકિત સાધુ કરતાં પણ વેદનીય અને પરમામૃત સમાન ગણાવે છે.

'शिवराज्योदय' મહાકાવ્યમાં કવિ શિવજી જેવા નાયકના બહાને પુત્રસમસ્તને વિસ્તૃત ફલક પર વર્ણવે છે. વિષયવસ્તુને અનુરૂપ અભિવ્યક્તિ જોવા મળે છે. अहीभारा महानकवे : એ ઉક્તિને વર્ણેકર સાર્થક કરે છે. જો કે પુર્ણચંદ્ર ઉપાધ્યાય આ કવિને 'કલાપક્ષ વિશે ઉદાસીન' કવિ કહે છે.

(10) **<u>'અભિરાજ' રાજેન્દ્ર મિત્ર</u> :**

ઈ.સ. 1943 માં જાન્યુઆરી માસમાં જન્મેલા અભિરાજદેવી માતા અને દુર્ગાપ્રસાદ મિશ્ર પિતાના પુત્ર કવિ રાજેન્દ્ર મિશ્ર નિવૃત્ત સંસ્કૃત અધ્યાપક છે. સંસ્કૃત, હિન્દી, ભોજપુરી ભાષાઓમાં પ્રભુત્વ હોવાથી પ્રતાપગઢના સમાજે રાજેન્દ્ર મિશ્રને 'ત્રિવેણી કવિ' કહ્યા છે.

મહાકાવ્ય, નિબંધ, ખંડકાવ્ય, મુકતક, વાર્તા, એકાંકી, ગઝલ, લોકગીત વગેરે ક્ષેત્રનું ખેડાણ કવિએ કર્યું છે. સંસ્કૃત ભાષામાં जानकीजीवनम् અને वामनावतरणम् નામના બે મહાકાવ્યો, 15 ખંડકાવ્યો, 65 એકાંકી, 4 નાટકો, 6 ગીત – ગઝલ સંગ્રહો, 6 કથાસંગ્રહો તેમજ વિવિધ શોધપત્રો અને પાઠયગ્રંથોનું

નિર્માણ કવિએ કર્યું છે. देववाणीसुवासः, प्रतानिनी, ब्रह्मविद्यारसायनम्, शिवशेखर समतो આદિ ગ્રંથોને કારણે કવિને આચાર્ય પદ મળ્યું છે. હિન્દી અને અંગ્રેજી ભાષાના માધ્યમથી 5 ખંડકાવ્યો, 7 બાળસાહિત્ય કૃતિઓ, 5 કાવ્યસંગ્રહો તેમજ ભોજપુરી ભાષામાં 1 કાવ્યસંગ્રહ અને 3 ગદ્યકૃતિઓની રચના કરી છે. 24 જેટલા અપ્રકાશિત ગ્રંથો તેમજ ભિન્ન ભિન્ન 14 રાજ્યકક્ષાનાં અને રાષ્ટ્રીય સ્તરના સાહિત્યિક સન્માનથી તેમને નવાજવામાં આવ્યા છે. તેમણે લખેલા સંસ્કૃત ગ્રંથોના અલગ અલગ, ભાષામાં અનુવાદ પણ થયો છે. 'मतवारणी' તેમનો મહત્વપૂર્ણ કાવ્યસંગ્રહ છે. આમ, 'અભિરાજ' રાજેન્દ્ર મિશ્ર આધુનિક સંસ્કૃત સાહિત્યના કવિઓમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

**(11) <u>કેશવચંદ્ર દાસ</u> :**

તેઓ ઉત્તમકવિ હોવાની સાથે સાથે ઉત્તમ ઉપન્યાસકાર અને વાર્તાકાર પણ છે. તેમણે ઉપન્યાસની સાથે સાથે કાવ્યસંગ્રહોની પણ રચના કરી છે. તેમની કવિતાના વિષયો આધુનિકતાવાદી છે. તેમણે સંસ્કૃત કવિતાને સાચા અર્થમાં આધુનિકતા સુધી પહોંચાડી છે.

**(12) <u>રતિનાથ ઝા</u> :**

કાચી હિન્દુ વિશ્વવિદ્યાલયનાં સુપ્રસિદ્ધ પ્રાધ્યાપક કવિ રતિનાથ ઝા સંસ્કૃત સાહિત્યમાં પારંપરિક કાવ્યોની પ્રૌઢતા અને પ્રભાવક ભાષા પર પ્રભુત્વ ધરાવે છે. બાંગ્લાદેશના સ્વાતંત્ર્ય સંગ્રામને તેમણે કાવ્યવિષય બનાવ્યો છે. मुक्तिवाहिनी, सरविन्दशीतकम् मालवीय प्रंशकित, गांधीशतकम्, महावीराभ्युदयम् महाकाव्यम् વગેરે તેમની પ્રસિદ્ધ કાવ્યરચનાઓ છે. સમસ્યાપૂર્તિ રચવામાં શોખીન આ કવિ તેમના કાલ્પનિક જગતમાં નવતર પ્રયોગો કરે છે. આધુનિક ' વનનાં વિસંવાદોમાં વાણી – વિલાસની નિષ્ફળતા તેની મુશ્કેલીઓ વગેરે વિષયો કવિ સમસ્યાપૂર્તિમાં નિરૂપે છે.

(13) **<u>શ્રી હર્ષદેવ માધવ</u> :**

**ગુર્જરભૂમિના આ કવિએ આધુનિક સંસ્કૃત સાહિત્યને વિવિધ આયામો અને સ્વરૂપો સાથે વિશ્વ સમક્ષ રજૂ કર્યું છે. પ્રાચીન પરંપરા સાથે દૂરનો પણ નાતો નહીં રાખનાર કવિ હર્ષદેવ માધવને 'કાળજયી' કહેવામાં આવે છે. પરંપરાગત મહાવરાયુક્ત ભાષાથી બિલકુલ અલિપ્ત, પ્રતીકાત્મકતાની ગહનતા, અતિયથાર્થવાદ તેમના કાવ્યની લાક્ષણિકતા છે. સંસ્કૃત ભાષાથી અલિપ્ત એવા આધુનિક પ્રૌદ્યોગિકીય, વૈજ્ઞાનિક, યુરોપીય સંસ્કૃતિ જીવન વગેરે નવીન વિષયોને શ્રી હર્ષદેવ માધવે કાવ્યમાં પ્રયોજ્યા છે.**

रुमानिय देशे

चर्च प्रार्थना कक्षे

लेटिन रुमानियमन्त्रोच्चारणेन

पापानां स्वीकारं कुर्याम् ?

बुखारिष्टे वा.

कास्टकि न ब्राकुसीशिल्पिनः शिल्पे

पश्येयं तव रूपम ? **(અલકનંદા, પૃ. ૩૨)**

**અહીં કવિ સૌદર્ય બોધ અને ભાષિક રચનાઓ દ્વારા યુરોપિયન સંસ્કૃતિને પણ પોતાની સંવેદનાનો એક ભાગ બનાવે છે. તેમની કવિતાનો વિષય અસીમ છે. સૂરદાસ અંધ હોવા છતાં સંવેદન વડે શબ્દચિત્રો તૈયાર કરતો જોવા મળે છે. તેઓ રહસ્યમય દેશ–પ્રદેશનાં વૈચિત્ર્યયુક્ત વર્ણનો અને અજાણ્યા ટાપુઓનો પણ ઉલ્લેખ કરે છે.**

**આધુનિક સંસ્કૃત સાહિત્યમાં હાઈકુ, સિજો, તાન્કા, મોનોઈમેજ જેવા કાવ્યપ્રકારનાં તેઓ પ્રવર્તક છે. તેમણે 50 થી વધારે કાવ્યસંગ્રહોની રચના કરી છે.**

अलकनन्दा, मृगयाः, आसीच्च मे मनसि, बृहन्नल्ला. निष्क्रान्ताः सर्वे, पुरा यत्र स्त्रोतः, कालोऽस्मि વગેરે તેમના કાવ્યસંગ્રહો છે.

હર્ષદેવ માધવને 'मृगया' કાવ્યસંગ્રહ માટે કલકત્તામાંથી ભારતભરમાં પ્રતિષ્ઠિત એવું 'कल्पवल्ली' પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. હર્ષદેવ માધવના અનેક કાવ્યસંગ્રહોને શ્રેષ્ઠ પારિતોષિકોથી સન્માનવામાં આવ્યા છે.

(14) **<u>ઉમાશંકર શર્મા ત્રિપાઠી</u> :**

ઈ.સ. 1922 માં ઉત્તરપ્રદેશનાં દેવરિયા જિલ્લામાં કવિનો જન્મ થયો હતો. તેમના પિતા રામનરેશ ત્રિપાઠી પાસેથી તેમણે પારંપરિક સંસ્કૃત શિક્ષણ મેળવ્યું. કાશી વિદ્યાપીઠમાં અંગ્રેજી વિષયમાં પ્રાધ્યાપક તરીકે તેમણે ૩૦ વર્ષ સેવા આપી. ઈ.સ. 1922 થી 1982 સુધીના જીવનકાળ દરમિયાન તેમણે 'छत्रपति चरितम्' (મહાકાવ્ય), रसभारती (હાસ્ય –વ્યંગ્ય પદ્યસંગ્રહ), अइं राष्ट्री (प्रशस्ति ग्रंथ), भारतीगीतम् (સંસ્કૃત ગીત સંગ્રહ) વગેરે ગ્રંથોની રચના કરી છે. विश्वसंस्कृतम् પદ્યસંગ્રહ અંતર્ગત "अस्पृश्यान्तर्निर्वेदितम्" કાવ્યમાં કવિ દલિત અને અસ્પૃશ્ય સમાજની વેદના વર્ણવે છે. कृषकः કાવ્યમાં ભારતનાં ખેડૂતોની સંઘર્ષ ગાથા છે.

સવર્ણો દ્વારા દલિતોને થતા અન્યાય તેમજ સવર્ણોની દલિતો પ્રત્યેની શોષણનીતિ અંગેનો કવિનો તીવ્ર આક્રોશ જોવા મળે છે. કવિની માન્યતા મુજબ મનુષ્ય જન્મથી નહી, કર્મથી જ મહાન બની શકે છે. 'छत्रपति चरितम्' ઉમાશંકર ત્રિપાઠીની પૌઢી પ્રતિભાની ઝાંખી કરાવે છે. ૨૦ મી સદીનાં શ્રેષ્ઠ મહાકાવ્યોમાં તે સ્થાન પામી છે. વૈર્દભી વિન્યાસ અને પ્રાંજલ પ્રવાહ આ મહાકાવ્યની નોંધપાત્ર વિશિષ્ટતા છે.

**(15)** **<u>શ્રી નિવાસ રથ</u> :**

ઈ.સ. 1933 માં પુરી (ઓરિસ્સા)માં જન્મેલા આ કવિએ પિતા પાસેથી પરંપરાગત સંસ્કૃતનું અધ્યયન કરીને હિન્દુ – વિશ્વવિદ્યાલયમાં ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું, વિક્રમ વિશ્વવિદ્યાલયનાં સંસ્કૃત વિભાગનાં પ્રાધ્યાપક કિશોરાવસ્થાથી જ પદ્યરચના પ્રવૃતિમાં જોડાયેલા છે. 40 વર્ષોથી સંસ્કૃત કાવ્યો અને ગીતોની રચના કરનાર આ કવિની કવિતાઓ અન્ય ભાષાઓમાં પણ રૂપાંતરિત થઈ છે.

તેમની ગીત રચનાઓ ભાવસેન્દ્રિય, વર્તમાન પરિવેશથી યથાર્થ ભાવે જોડાયેલ અને વૈવિધ્યપૂર્ણ કલ્પના વૈભવથી પરિપૂર્ણ બની છે.

**(16)** **<u>દેવદત્ત ભટ્ટી</u> :**

આધુનિક સંસ્કૃત સાહિત્યનો સમયગાળો દેવદત્ત ભટ્ટીથી મનાય છે. 'इरा', 'सिनीवाली' 'शम्पा' વગેરે તેમની ઉત્તમકૃતિઓ છે. દેવદત્ત' ભટ્ટીએ જ અછાંદસ કાવ્યોની પરંપરા શરૂ કરી છે.

**(17)** **<u>રમાકાન્ત શુક્લ</u> :**

તેમની રાષ્ટ્રવાદી કવિતા આધુનિક ચેતનાની પૂરક બની છે. 'અર્વાચીન સંસ્કૃત' સામયિકના તેઓ તંત્રી છે. 'भाति मे भारतम्', 'जय भारत भूमे', 'अहं स्वतन्त्रता भणामि', 'भाति मोरिशसम्' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે.

**(18)** **<u>રાજેન્દ્ર નાણાવટી</u> :**

રાજેન્દ્ર નાણાવટીનો જન્મ 4 મે 1939 માં થયો હતો. તેઓ 1961 માં સંસ્કૃત અને પાલિ વિષય સાથે પ્રથમ વર્ગમાં એમ.એ. થયા. 1977 માં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી તેમને પીએચ.ડી ની પદવી પ્રાપ્ત કરી. તેમના એકમાત્ર કાવ્યસંગ્રહ, 'मरीचिका' થી આ કવિએ સંસ્કૃત સાહિત્ય જગતમાં માનભર્યું સ્થાન

મેળવ્યું. તેમની મુક્ત છંદ શૈલી પ્રભાવશાળી છે. તેમની કવિતામાં આધુનિકતાવાદી વલણો જોવા મળે છે.

**(19) <u>રસિક વિહારી જોષી</u> :**

દિલ્હી અને જોધપુર વિશ્વવિદ્યાલયોનાં સંસ્કૃત ભાષાના અધ્યાપક, કવિ રસિક વિહારી જોષી, પંડિત રામપ્રતાપનાં પુત્ર છે. તેમણે ચિંતનપ્રધાન અધ્યાત્મક દર્શનનાં પાયા ઉપર સાહિત્યસર્જન કર્યું છે. રાધાભક્તિ ભાવના વિશે કરુણા કટાક્ષ લહરી (ખંડકાવ્ય), વિષ્ણુપુરાણ આધારિત मोहलडाम (મહાકાવ્ય), ચિંતન પ્રધાન અન્ય કાવ્યો, સ્પર્શા, સ્પશાં વિવેકઃ, ભક્તિ મીમાંસા ઉપદેશવલ્લી વગેરે કાવ્યની રચનાઓ તેમણે કરી છે વિશિષ્ટ ઉપમાઓ, નૂતન વિચાર, વિભિન્ન મુહાવરા, કલ્પના વૈભવ વગેરે કવિની શૈલીની વિશિષ્ટતા છે.

**(20) <u>રાધાવલ્લભ ત્રિપાઠી</u> :**

રાધાવલ્લભ ત્રિપાઠીનો જન્મ 19-9-1949 માં મધ્યપ્રદેશનાં રાજગઢ જિલ્લામાં થયો હતો. તેઓ મધ્યપ્રદેશના સાગર વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત ભાષા વિભાગમાં આચાર્ય અને વિભાગાધ્યક્ષ છે. ડો. મહામહીપાધ્યાય રામજી ઉપાધ્યાય જેવા વિદ્વાન ગુરૂના તેઓ શિષ્ય છે. गीतधीवरम् અને आयतिः નામના બે કાવ્યસંગ્રહો, सन्धानम् કાવ્યગ્રંથ, એક સંસ્કૃતનાટયસંગ્રહ, ષોડશી નામનો કાવ્યસંકલન ગ્રંથ વગેરે તેમની લોકપ્રિય રચનાઓ છે. રાધાવલ્લભ ત્રિપાઠીએ હિન્દી અને સંસ્કૃત ભાષાના 51 પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. કવિ લિખિત 40 જેટલી વાર્તાઓ વર્તમાન પત્રિકામાં પ્રકાશિત થઈ છે. તેમની કવિતાઓમાં આધુનિક ચેતનાના ક્રાંતિકારી વલણો જોવા મળે છે.

આ ઉપરાંત આધુનિક કવિઓમાં અરુણોદય જાની, વાસુદેવ પાઠક, જયાનંદ દવે, ભગવતીપ્રસાદ પંડયા, ગૌતમ પટલ, રીતા ત્રિવેદી, જયનારાયણ

દ્વિવેદી, ઉમા દેશપાંડે વગેરે કવિઓએ આધુનિક સંસ્કૃત સાહિત્યને ધબકતું રાખ્યું છે.

**<u>ઉપસંહાર</u> :**

ધ્વન્યાલોકમાં આચાર્ય આનંદવર્ધન કહે છે. ''અવસ્થા, દેશ, કાળાદિ વિશેષો દ્વારા સ્વભાવતઃ શુદ્ધ વાચા પણ અનંત બની શકે છે.'' આધુનિક જીવનમાં પણ સાહિત્યસૃષ્ટિ માટે અનંત સંભાવનાઓ છે. સંસ્કૃત કવિ પૌરાણિક કથાનો આશ્રય ન લે તો પણ સમકાલીન જીવન સાહિત્ય માટે પ્રચૂર વિષયવસ્તુ પ્રસ્તુત છે.

આમ, વીસમી સદીનું સમગ્ર ભારતીય સાહિત્ય નવજાગૃતાવસ્થીય છે. બંગાળ, પંજાબ , તમિલ હોય કે આંધ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર હોય સાહિત્ય જગત પર આધુનિકતાનો પ્રભાવ બિલકુલ સ્પષ્ટ અને એકધારો છે. સંસ્કૃત જેવી પ્રાચીનતમ ભાષાથી માંડીને દરેક પ્રાદેશિક ભાષામાં આધુનિકતા જોવા મળે છે.

# પ્રકરણ – 1, પાદટીપ

1. भामह, काव्यालङ्कार (१–६), पृ. 1-6
2. ભરતમુનિ – નાટયશાસ્ત્ર (સાહિત્યદર્પણ – વિશ્વનાથ-1) वाकयं, शब्दार्थ शरीर तावद् काव्यम् ।
3. ચૌખંબા પ્રકાશક, काव्यालङ्करसूत्रवृत्ति, वामन (१–२–६) ध्वन्यालोक : (૧–૧), तत्र के चिद् चक्षिरन्
4. બાલસ. સી.બી. : આધુનિક સંસ્કૃત કાવ્યસમીક્ષા (હર્ષદેવ માધવના સાહિત્ય સંદર્ભે)
5. ઋગ્વેદ – 7 – 9 – 1
6. श्रीमद् भगवद् गीता – 17-24
7. કાલિદાસ : रघुवंशम् (1-1)
8. भोजराजः शुंङ्गारप्रकाश – 1
9. પંડિતરાજ જગન્નાથ : रसगङ्गाधरम्, પૃ. 4-6
10. हिन्दी रूपरचना – काव्य की आत्मा, પૃ. 233 નો ભાવાનુવાદ
11. અનુ. ડૉ. પારેખ નગીનદાસ : સાહિત્ય વિવેચનનાં સિદ્ધાંતો, પૃ. 29
12. અનુ. ડૉ. પરિખ નગીનદાસ : સાહિત્ય વિવેચનનાં સિદ્ધાંતો, પૃ. 47
13. અનુ. ડૉ. પારેખ નગીનદાસ : સાહિત્ય વિવેચનનાં સિદ્ધાંતો, પૃ. 29
14. ડૉ. જોશી સુરેશ : અરૂણ્ય રૂદન, પૃ. 94

15. डॉ. भोलेनाथः हिन्दी साहित्य, પૃ. 1-2-3.

16. Literary Modernnig (Fawcelt word Library – Newyork-1967)

17. ડૉ. ઠાકોર અજિતઃ કાવ્યાર્થ, સામ્પ્રત સંસ્કૃત કવિતામાં આધુનિકતાવાદી વલણો, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ

18. ડૉ. સુથાર બાબુ : આધુનિકતાવાદ (પૂર્વપંથ), પૃ. 10

19. ડૉ. માધવ હર્ષદેવ : સંસ્કૃત સમકાલીન કવિતા, પ્રકાશક – સાહિત્ય અકાદમી, ગાંધીનગર, વર્ષ – 1998, સં. પ્રથમ, પૃ. 5-9.